પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૭૦ | ૧૨ ડિસેમ્બર, ૨૦૧૯, ગુરૂવાર; માગસર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નાગરિકતા સુધારા બિલ રાજ્યસભામાં પસાર

**દિવસભરની ચર્ચાને અંતે ૧૨૫ વિરૂદ્ધ ૧૦૫ મતે બીલ પસાર : રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ કાનૂન બનશે : શિવસેના તેમજ બસપ દ્વારા વોકઆઉટ કરાયો**

નવીદિલ્હી, તા. ૧૧

રાજ્યસભામાં ચર્ચાસ્પદ નાગરિક સુધારા બિલને લીલીઝંડી મળી ગઈ છે. આની સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે વધુ એક મોટી સિદ્ધિ અને મોટી સફળતા હાંસલ કરી લીધી છે. આ બિલ રાજ્યસભામાં આજે પાસ થયા બાદ એકબાજુ ભાજપ અને સાથી પક્ષોના કાર્યકરોએ જોરદાર ઉજવણી કરી હતી જ્યારે બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીએ આની નિંદા કરી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, નાગરિક સુધારા બિલ પાસ થવાની બાબત ભારત માટે કાળા દિવસ તરીકે છે. આજે દિવસ દરમિયાન ચર્ચા બાદ મોડી રાત્રે આ બિલને લીલીઝંડી મળી ગઈ હતી. રાજ્યસભામાં બિલની તરફેણમાં ૧૨૫ અને વિરોધમાં ૧૦૫ મત મળ્યા હતા. શિવસેનાએ વોકઆઉટ કર્યો હતો. આ બિલની તરફેણમાં અને વિરોધમાં કેટલા મત પડે છે તેને લઈને ભારે ચર્ચા જોવા મળી હતી. બિલ ઉપર મતદાનથી પહેલા તેને સિલેક્ટ કમિટિને મોકલવાને લઈને પણ મતદાન થયું હતું પરંતુ આ પ્રસ્તાવ પણ ઉડી ગયો હતો. સિલેક્ટ કમિટિને આ બિલ મોકલવાની તરફેણમાં માત્ર ૯૯ મત પડ્યા હતા જ્યારે ૧૨૪ સાંસદોએ આની વિરુદ્ધમાં મત આપ્યા હતા. આ ઉપરાંત સુધારાના ૧૪ પ્રસ્તાવો ઉડી ગયા હતા. બહુમતથી આ તમામ પ્રસ્તાવને નામંજુર કરી દેવામાં આવ્યા હતા. હવે રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ આ બિલ કાનૂનમાં બદલાઈ જશે. સોમવારે મોડી રાત્રે આને લોકસભામાં મંજુરી મળી હતી. રસપ્રદ બાબત એ છે કે, લોકસભામાં બિલનું સમર્થન કરનાર શિવસેનાના ત્રણ સભ્યોએ વોકઆઉટ કર્યો હતો. લોકસભામાં બિલને સમર્થન આપવાના મુદ્દે મહારાષ્ટ્રમાં તેની સરકાર સાથે રહેલી કોંગ્રેસે વાંધો ઉઠાવ્યો હતો. બસપના બે સાંસદોએ પણ વોકઆઉટ કર્યો હતો. ગૃહમંત્રી અમિત શાહે બિલ રજૂ કર્યા બાદ ધાંધલ ધમાલનો દોર ચાલ્યો હતો. આક્ષેપબાજી થઈ હતી. રાજ્યસભામાં ઉગ્ર ચર્ચા ચાલી હતી. છ કલાકથી વધુ સમય સુધી ડિબેટ ચાલી હતી જેમાં તમામ પક્ષોના નેતાઓએ પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. કોંગ્રેસ તરફથી કપિલ સિબ્બલે કહ્યું હતું કે, દ્વિરાષ્ટ્ર માટે અમારો સિદ્ધાંત નથી. તેઓ ગૃહમંત્રીને અપીલ કરે છે કે પોતાના આક્ષેપોને પરત લઈ લેવામાં આવે. સિબ્બલે કહ્યું હતું કે, બિલ દ્વિરાષ્ટ્ર સિદ્ધાંતને બંધારણી મંજુરી આપી છે. આ બિલ નાગરિકતા માટે ધર્મને આધાર બનાવે છે. સિબ્બલે એમ પણ કહ્યું હતું કે, તેમને આ વાત સમજાતી નથી કે, આખરે અમિત શાહે કયા ઈતિહાસના પુસ્તકો વાંચ્યા છે. સિબ્બલે એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી આ પ્રકારના વિચારો ઉપર વિશ્વાસ રાખતી નથી. કપિલ સિબ્બલે અમિત શાહની એવી ટિપ્પણીનો પણ જવાબ આપ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, દેશના કોઈપણ

● અનુસંધાન પાના - પર

## આ બિલ બંધારણીય, નૈતિક આધારે ખોટું છે : કોંગ્રેસ

કોંગ્રેસ તરફથી આનંદ શર્માએ કહ્યું કે, પહેલા અને હાલના બિલમાં ઘણું અંતર છે. સૌની સાથે વાત કરવાનો જે દાવો કરાઈ રહ્યો છે તેમાં હું સહેમત નથી. ઈતિહાસ આને કેવી રીતે જોશે, તેને તો સમય જ બતાવશે. કોંગ્રેસ નેતાએ કહ્યું આ બિલ અંગે આટલી ઉતાવળ શા માટે કરાઈ રહી છે? તેમણે વધુમાં કહ્યું કે, ૭૨ વર્ષમાં આવું પહેલી વખત થયું છે, આ બિલ વિરોધના લાયક જ છે. આ બિલ બંધારણીય, નૈતિક આધારે ખોટું છે. આ બિલ પ્રસ્તાવનાના વિરોધમાં છે. આ બિલ લોકોમાં ભાગલા પડાવનારું છે. હિન્દુસ્તાનની આઝાદી બાદ દેશના ભાગલા પડ્યાં હતા, ત્યારે બંધારણ સભામાં નાગરિકતા પર વ્યાપક ચર્ચા થઈ હતી. ભાગલાનું દુઃખ આખા દેશને હતી. જેમને આ અંગે ચર્ચા કરી તેમને આ વિશે ખબર છે.

## મિઝોરમમાં લાગૂ નહી થાય બિલ

ગૃહમંત્રી અમિત શાહે રાજ્યસભામાં કહ્યું કે નાગરિકતા સંશોધન બિલ મિઝોરમમાં લાગૂ નહી થાય. સાથે જ શાહે કહ્યું હતું કે, ભારત દુનિયાભરના મુસ્લીમ પ્રવાસીઓને નાગરિકતા ન આપી શકે, ઉત્પીડનનો સામનો કરનાર ૩ દેશોના અલ્પસંખ્યકોના ઉદ્દેશ્યથી આ બિલ લાવવામાં આવ્યું છે.

# દેશના મુસ્લિમો ભારતીય છે અને રહેશે

**ભારે વિરોધ વચ્ચે રાજ્યસભામાં નાગિરક સુધારા બિલ રજૂ : ભારતના મુસ્લિમોને આ બિલ સાથે લેવા દેવા નથી તેઓ અફવાઓ પર ધ્યાન ન આપે : ગૃહમંત્રી**

ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે વિરોધ પક્ષોના ભારે હો-હા વચ્ચે આજે રાજ્યસભામાં વિવાદાસ્પદ નાગરિક સુધારા બિલ(કેબ) બિલ રજૂ કર્યું હતું. ગઈકાલે લોકસભાએ તેને મંજૂરી આપી હતી. શાહે રાજ્યલભામાં બિલનો વિરોધ કરનારાઓને સીધો સવાલ કર્યો હતો કે શું તમે પાકિસ્તાનથી આવેલા મુસ્લિમોને ભારતના નાગરિક બનાવવા માંગો છો..? શું તમે બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી આવેલા મુસ્લિમોને ભારતમાં શરણ આપવા માંગો છો...? અને જો તેમ થશે તો આ દેશ કઈ રીતે ચાલશે એમ કહીને તેમણે ખુલાસો કર્યો હતો કે બિલમાં માત્ર આ ત્રણ દેશોના લઘુમતિઓને જ નાગરિકત્વ આપવાની જોગવાઈ છે, જેમાં હિન્દુ-બૌધ્ધ-જૈન-ખ્રિસ્તીનો સમાવેશ થાય છે. લોકસભાની જેમ રાજ્યસભામાં પણ આજે કોંગ્રેસ અને અન્ય વિપક્ષોએ ભારે હોબાળો મચાવ્યો હતો. સૌ રાજકિય પક્ષોની નજર એના પર રહેલી છે કે આ બિલને રાજ્યસભાની મંજૂરી મળશે કેમ. બીજી તરફ પૂર્વોત્તરના રાજ્યોમાં આજે પણ આ બિલની સામે વિરોધ યથાવત જોવા મળ્યો હતો.

અમિત શાહે બિલ રજૂ કરતા જણાવ્યું કે ભારતના મુસ્લિમોએ આ બિલથી ચિંતત થવાની જરૂર નથી. દેશના મુસ્લિમો ભારતીય છે અને રહેશે.

નાગરિકતા સુધારણા બિલમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી આવેલા બિનમુસ્લિમોને ભારતની નાગરિકતા આપવાની દરખાસ્ત કરવામાં આવી છે. અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉપરોક્ત ત્રણ દેશોમાં લઘુમતિઓને સમાન અધિકાર પ્રાપ્ત નથી થતા. આ દેશોમાં લઘુમતિઓની વસતિમાં

● અનુસંધાન પાના - પર



## ન્યુઝ ટ્રેક

### ઝારખંડમાં ત્રીજા તબક્કાની ૧૭ બેઠકો માટે આજે મતદાન

ઝારખંડ વિધાનસભાની ચૂંટણીમાં ૧૭ બેઠક માટે ત્રીજા તબક્કાની ચૂંટણી ૧૨, ડિસેમ્બરે છે. ચૂંટણી પંચના જણાવ્યા પ્રમાણે ૧૭ બેઠક માટે ૩૦૯ ઉમેદવાર ઊભા છે. જેમાં ૩૨ મહિલાઓ છે. કુલ મતદારો ૫૬.૧૮ લાખ છે. ૭૦૧૬ પોલિંગ બુથ છે. રાંચી, હતીયા, કધર્ક, બારકથા અને રામગઢ બેઠકમાં ગુરુવારે ૭ થી ૫ દરમિયાન મતદાન થશે. બાકીની ૧૨ બેઠક પર ૭ થી ૩ દરમિયાન મતદાન થશે.

### અમેરિકાના ન્યૂજસીમાં અંધાધૂંધ ફાયરિંગ

અમેરિકાના ન્યૂ જર્સીમાં રસ્તા પર ગોળીબારની ઘટના પ્રકાશમાં આવી છે. આ ગોળીબારમાં છ લોકોના મોત નિપજ્યા છે. આ ઘટનામાં બે સંદિગ્ધો અને એક પોલીસ અધિકારી તેમજ રાહદારીઓના મોત થયા છે. જોકે, ગોળીબાર કોણે શરૂ કર્યો અને કયા કારણસર શરૂ કર્યો તે અંગેની જાણકારી હજી સુધી નથી મળી શકી.

### મુંબઇમાં બે ડુંગળી ચોરની ધરપકડ

ડુંગળીના ભાવ આસમાને આંબી ગયા હોવાથી ડુંગળીની ચોરીની ફરિયાદો પણ થવા લાગી છે. મુંબઈમાં એક ઘટનામાં ડુંગળીની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે ડુંગળી ચોરનાર બે શખ્સોની ધરપકડ પણ કરી છે.

### નવી દિલ્હીમાં ફરી એકવાર હવા ઝેરી બની

પાટનગર નવી દિલ્હીમાં આજે બુધવારે સવારે ફરી એકવાર હવા ઝેરી બની હતી અને એક્યૂઆઇ ૪૦૦ને પાર પહોંચી ગયો હોવાની માહિતી મળી હતી. વહેલી સવારથી જ સડકો પર ગાઢ ધૂમ્મસ જેવું પ્રદૂષણ ફેલાઇ જાય છે અને વિઝિબિલિટી ઘટી જાય છે. રાજ્યના ઘણા વિસ્તારોમાં એક્યૂઆઇ ૪૦૦ને પાર હોવાની સત્તાવાર જાહેરાત કરાઈ હતી.

# નાગરિકતા બિલ સામે આસામમાં ઉગ્ર દેખાવો

**શ્રેણીબદ્ધ ટ્રેન રદ : હિંસક પ્રદર્શન વચ્ચે સેના બોલાવવાની ફરજ : પોલીસ-દેખાવકારની વચ્ચે હિંસક અથડામણ : લાઠીચાર્જ કરવા ફરજ : ઘણી જગ્યાએ રબરની ગોળીઓ ચલાવાઈ**

નવીદિલ્હી, તા. ૧૧

નાગરિક સુધારા બિલને લઈને દેશના કેટલાક ભાગોમાં વિરોધ પ્રદર્શન અને હિંસા જારી છે. આસામમાં સૌથી વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ ગઈ છે. પ્રદર્શન વધુ તીવ્ર



બનતા અનેક ટ્રેનોને રદ કરવામાં આવી છે. સેનાને પણ બોલાવવાની ફરજ પડી છે. ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રદર્શન દરમિયાન રાજ્ય સચિવાલયની પાસે વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. પોલીસે દેખાવકારો ઉપર ટીયરગેસના સેલ છોડ્યા હતા. ડિબ્રુગઢમાં સેનાને બોલાવવાની ફરજ પડી હતી. અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે. કેટલીક ટ્રેનોના રુટ બદલી દેવામાં આવ્યા છે. લીડો ગુવાહાટી ઈન્ટરસિટી, ડિબ્રુગઢ ઈન્ટરસીટી સહિતની ટ્રેનો રદ કરવામાં આવી છે. સચિવાલયની પાસે હિંસક અથડામણ થઈ હતી. જોરહાટ, ગોલાઘાટ, ડિબ્રુગઢ, તીનસુકિયા, શિવસાગર, સોનીતપુર સહિતના વિસ્તારોમાં લોકો હિંસા ઉપર ઉતરી આવ્યા હતા. નાગરિક સુધારા બિલને લઈને વિરોધ પ્રદર્શન હાલ જારી રહે તેવી શક્યતા છે. આસામ ઉપરાંત દેશના અન્ય ભાગોમાં પણ વિરોધ પ્રદર્શન જારી છે. સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા કર્ણાટકે આજે બેંગ્લોરમાં આ બિલની સામે જોરદાર દેખાવો કર્યા હતા. પૂર્વોત્તરના રાજ્યોની સાથે સાથે અન્ય કેટલાક હિસ્સાઓમાં પણ વિરોધ પ્રદર્શન જારી છે. બિલનો વિરોધ કરી રહેલા ઓલ આસામ સ્ટુડન્ટ યુનિયનનું કહેવું છે કે, તેની સામે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવશે. મુખ્ય સલાહકાર ભટ્ટાચાર્યએ કેન્દ્રની ભાજપ સરકારની આકરી ટિકા કરી છે અને કહ્યું છે કે, ઉત્તરપૂર્વના લોકો આને કોઈ કિંમતે સ્વીકારશે નહીં. નાગરિક સુધારા બિલ સામે લડવા કાયદાકીય રસ્તાને અપનાવવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવશે. ડિબ્રુગઢમાં સ્થિતિ વણસી ગઈ છે.

## રિસેટ-2BR1 લોંચ કરી દેવાયું : ઈસરોની સફળતા

**૧૦ સેટેલાઇટ સફળ રીતે લોંચ કરવામાં આવ્યા : ભારતીય સલામતી દળને અતિમહત્વપૂર્ણ માહિતી આપશે સરહદ પાર આતંકવાદીઓની ગતિવિધિ પર ચાંપતી રહેશે**



હૈદરાબાદ, તા. ૧૧

ભારતીય સ્પેશ એજન્સી ઈસરોએ શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેશ સેન્ટરથી સેટેલાઈટ રિસેટ-૨બીઆર-૧ લોંચ કરી દેતા ઉત્સુકતા વધી હતી. આ સેટેલાઈટને પીએસએલવી-૪૮ રોકેટ મારફતે લોંચ કરવામાં આવ્યા હતા. આ સેટેલાઈટની સાથે નવ અન્ય સેટેલાઈટ પણ મોકલવામાં આવ્યા છે. રિસેટ-૨બીઆર-૧ એક રડાર ઈમેજિંગ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છે જેનું વજન ૬૨૮ કિલોગ્રામ છે. પીએસએલવીની આ ૫૦મી ઉંડાણ હતી. કૃષિ, વન્ય અને હોનારતના મામલામાં આ ઉપયોગી રહેશે. આસમાનથી લઈને સરહદ સુધી રિસેટ-૨બીઆર-૧ બાજ નજર રાખશે. આમા

● અનુસંધાન પાના - પર

# મોંઘવારી આસમાને : ૨૦ જરૂરી ચીજના ભાવ વધ્યા

નવીદિલ્હી, તા. ૧૧

ડુંગળીની રિટેલ કિંમતમાં ઉલ્લેખનીયરીતે વધારો હજુ પણ થઈ રહ્યો છે. રિટેલ કિંમતો ૧૬૦ રૂપિયાના આંકડાને પાર કરી ચુકી છે. આ પહેલા ટામેટાના ભાવ પણ આવી જ રીતે લોકોને લાલ કરી ચુકયા છે. ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા સોમવારના દિવસે લોકસભામાં તમામ પ્રકારની માહિતી આપવામાં આવ્યા બાદ આને લઈને ચર્ચા ચાલી રહી છે. લોકસભામાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૯માં ૨૨ જીવન જરૂરી ચીજવસ્તુઓની કિંમતમાં ઉલ્લેખનીય વધારો થયો છે. ૨૨ ચીજો પૈકી ૨૦ ચીજોમાં વધારો થયો છે. જાન્યુઆરીથી લઈને ડિસેમ્બર વચ્ચેના ગાળામાં ડુંગળીની કિંમતમાં ચારગણો

**જાન્યુઆરીમાં ડુંગળીની કિંમતો ૧૯ રૂપિયા હતી જે વધીને હવે ૮૨ રૂપિયા થઇ ચુકી છે**

● અનુસંધાન પાના - પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

અગીયારમાં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે



HOTEL President
Where Hospitality Speaks...
Harendrasinh Jadav
Chairman & M.D.
M : 9898704537
HONEST restaurant
Plot No. 1, Sec-11, B/h. Petrol Pump, Gandhinagar
TeleFax : 079-23233444, 079-65723444, Email : Presidenthl@yahoo.com